# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

---------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# CM YOGA

રાજ્ય સહિત સમગ્ર વિશ્વમાં આજે 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષનો યોગ દિવસ યોગા ફોર હેલ્ધી એજિંગ એટલે કે "સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ" થીમ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતાના ઐતિહાસિક રેડ રોડથી યોગ દિવસની રાષ્ટ્રીયકક્ષાની ઉજવણીનું નેતૃત્વ કર્યું, જ્યાં લગભગ 35 હજાર સહભાગીઓએ તેમની સાથે યોગ કર્યા. રાજ્યમાં પણ ગાંધીનગરના માણસા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેની ઉપસ્થિતિમાં યોગ દિવસ ઉજવાયો. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે , યોગ ક્ષેત્રે ગુજરાત દેશમાં મોખરે રહ્યું છે. યોગને માત્ર એક દિવસ પૂરતો મર્યાદિત કાર્યક્રમ ન રાખી, રોજિંદી જીવનશૈલીનો ભાગ બનાવવા પણ મુખ્યમંત્રીએ આહ્વાન કર્યું.

## (બાઇટ : ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના પ્રહલાદ નગર ગાર્ડનમાં યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું. પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગે અનોખી પહેલ સાથે વિવિધ રેલવે પરિસરમાં તેમજ ચાર અગ્રણી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં ખાસ યોગ સત્રો યોજ્યા. દરમિયાન, રાજકોટ શહેરમાં દર 15 મિનિટના અંતરે એક યોગ શિક્ષણ કેન્દ્ર કાર્યરત કરાયું. શહેરના લોકમાન્ય તિલક સ્નાનાગાર ખાતે કરાયેલા એક્વા યોગા આકર્ષણનું કેન્દ્ર બન્યા. ભાવનગરમાં જિલ્લા કક્ષાની ઉજવણી શિહોર ખાતે કરાઇ જેમાં 50 જેટલી સગર્ભા મહિલાઓએ યોગાભ્યાસ કરી પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું.

# YOGA – DISTRICT

દેશ સહિત રાજ્યભરમાં ૧૨મા વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે યોગ એ માત્ર કસરત નથી, પરંતુ તે જીવન જીવવાની એક ઉત્તમ કળા છે. ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોગ દિવસની નાણા રાજ્યમંત્રી કમલેશ પટેલની ઉપસ્થિતિમાં ઉજવણી કરાઇ.

મહેસાણામાં કેબિનેટમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં 'સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ' ના સંકલ્પ સાથે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાનો યોગોત્સવ સંપન્ન થયો. તેમણે નાગરિકોને ૨૪ કલાકમાંથી ઓછામાં ઓછી ૨૦ કે ૨૫ મિનિટ પોતાના માટે ફાળવવા અપીલ કરી.

## (ઋષિકેશ પટેલ બાઈટ )

મહેસાણા જિલ્લાના ૧૦૫ જેટલા ટાઈપ-૧ ડાયાબિટીસ ધરાવતા બાળકોએ યોગ કર્યા.

અમરેલીમાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો યોગ કાર્યક્રમ યોજાયો.

તો ડાંગના આહવા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલ અધ્યક્ષ સ્થાને યોગ દિવસની ઉજવણી કરવામાં

આવી. સોમનાથ મંદિર ખાતે નાયબ મુખ્ય દંડક જગદિશ મકવાણાની ઉપસ્થિતિમાં યોગાભ્યાસ કરાયો.

ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની અધ્યક્ષતામાં ભરૂચના જી.એન.એફ.સી. ગ્રાઉન્ડ ખાતે યોગ દિવસ ઉજવાયો.

દીવના બ્લુ ફ્લેગ ઘોઘલા બીચ પર નશામુક્ત ભારતના સંકલ્પ સાથે યોગ દિવસ ઉજવણી કરવામાં આવી. સુરેન્દ્રનગરના વઢવાણમાં હવા મહેલ ખાતે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા મહિલાઓ માટે જ આયોજિત યોગ દિવસના કાર્યક્રમમાં મહિલાઓએ યોગા કર્યા.

નર્મદા, સુરત, પાટણ, અરવલ્લી, નવસારીના દાંડી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

# NEET UG EXAM

દેશભરમાં આજે નેશનલ એલિજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-નીટ UGની પુન:પરીક્ષા યોજાઇ રહી છે. રાજ્યના 79 હજારથી વધુ વિદ્યાર્થી આ પરીક્ષા આપી રહ્યા. પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે સરકાર સતર્ક બની છે અને પરીક્ષા કેન્દ્રો આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચે તેની કાળજી લેવાઈ છે. બીજી તરફ સોશિયલ મીડિયા પર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

# GODHRA ACCIDENT

પંચમહાલ જિલ્લાના ગોધરા નજીક જૂના મોર ડુંગરા પાસે કાર પલટી જતાં સર્જાયેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા, જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા. શહેરા તાલુકાના ધાંધલપુર અને છાયના ગામના ચાર મિત્રો અંગત કામ પૂરું કરી ગોધરાથી પરત ફરી રહ્યા હતા ત્યારે ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો. ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. આ અંગે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# SURENDRANAGAR ANTF

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ વિસ્તારમાં માદક પદાર્થનો 51 કિલો જથ્થો પકડાયો છે. માદક પદાર્થ વિરોધી કાર્યદળ - ANTFએ થાનગઢ રેલવે મથક નજીકના વિસ્તારમાં દરોડો પાડ્યો. કાર્યવાહી દરમિયાન આરોપીઓ ગેરકાયદેસર માદક પદાર્થની હેરફેર કરતા મળી આવ્યા હતા. પોલીસે કુલ 7 લાખ 87 હજારનો મુદ્દામાલ કબજે કર્યો. આ અંગે 6 આરોપીઓ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીઓ મધ્યપ્રદેશ અને મોરબી જિલ્લાના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.